Navgujarat Samay (Guj.)

February 23, 2016
Page No. 4

EDI

# EDI 'ખૂશ્બુ ગુજરાત કી'ના પ્રસારમાં મદદરૂપ બનશે

**» ઇડીઆઇ અને ગુજરાત ટૂરિઝમ કોર્પોરેશન પ્રવાસન ક્ષેત્રે 500 ઉદ્યોગ સાહસિકો ઊભા કરશે**

**નવગુજરાત સમય** > અમદાવાદ

દેશના પ્રવાસન સ્થળોમાં છેલ્લા કેટલાંક વર્ષોથી ગુજરાત ટોચ ઉપર પહોંચી ગયું હોવાને કારણે ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્રે ઉદ્યોગ સાહસિકોની તાતી જરૂર ઊભી થઈ છે. આ માંગને પહોંચી વળવા માટે આન્ત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા તેમજ ટૂરિઝમ કોપોરેશન ઑફ ગુજરાત દ્વારા પ્રવાસન ક્ષેત્રે બિઝનેસ શરૂ કરવા ઈચ્છતા ઉદ્યોગ સાહસિકો માટે ખાસ કૌશલ્ય સન્માન અને ઉદ્યોગ સાહસિકતા વિકાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, જે અંતર્ગત ઇડીઆઇ તથા ગુજરાત સરકાર ટુરીઝમ ક્ષેત્રે 500 ઉદ્યોગ સાહસિકોને તાલીમ આપશે.

આ પ્રોજેક્ટના ભાગરૂપે ઇડીઆઇ ખાતે આજે પ્રવાસન બિઝનેસ સાથે સંકળાયેલાં અથવા તો ભવિષ્યમાં બિઝનેસ ઊભો કરવા માાંગતા 50 જેટલા ટુર અને ટ્રાવેલ ઓપરેટર્સ માટે તાલીમી કાર્યક્રમનું આયોજન થયુ હતું. આ પ્રોગ્રામમાં બિઝનેસની શરૂઆતથી માંડીને તમામ પાસાઓ અંગે ચર્ચા કરવામાં આવશે. 10 દિવસના આ પ્રોગ્રામમાં ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્રે રહેલી તકો અંગે સમજણ આપવામાં આવશે.

ઇડીઆઇના સિનિયર ફેકલ્ટી પ્રકાશ સોલંકીએ આ અંગે જણાવ્યુ હતું કે, 'પ્રવાસન સ્થળ તરીકે વિકસવા માટે ગુજરાત પાસે વિપુલ તકો છે. ઉત્તર ગુજરાતના પાટણ, સિધ્ધપુર સહિતના શહેરો ઐતિહાસિક મહત્વ ધરાવે છે. સૌરાષ્ટ્રમાં નયનરમ્ય દરિયાકિનારા, સાસણ ગીર તથા મંદિરોને કારણે પ્રવાસીઓ આકર્ષાય છે. દક્ષિણ ગુજરાતના ડાંગના જંગલો એક અલગ જ સંસ્કૃતિની ઝલક આપે છે. આ પ્રોગ્રામ પ્રવાસન ક્ષેત્રે તાલીમબધ્ધ ઉદ્યોગસાહસિકો ઊભા કરતો હોવાથી લાાંબા ગાળે આ તાલીમી કાર્યક્રમ થકી ગુજરાતના પ્રવાસન ક્ષેત્રનો સર્વાંગી વિકાસ થશે.

NB